શક્તિ સૂર્યપ્રકાશ

અંબિકા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ભાવસાર સોમનાથ ગોપાળ.
શાહપુર પરબડીની પોળ—અમદાવાદ.
તથા
ત્રવાડી હરીલાલ ગણપતરામ.
ઠે. શાહપુર મંગળ પારેખના ખાંચામાં
ગોવિંદ કાશીરામની પોળ—અમદાવાદ.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨.

અમદાવાદ,
ધી 'નટવર' પ્રીન્ટીંગ પ્રેસમાં ભોગીલાલ
નારણદાસ બોડીવાળાએ છાપ્યું.

કીમત ૦-૨-૦.

શ્રીગણેશાયે નમઃ



શક્તિ સૂર્યપ્રકાશ અંબિકા.

ગણપતિની સ્તુતી. ૧.

ગણપતી દેવારે પ્રથમ સમરૂં ગણપતી દેવા,
માતા કહીએ જેની પારવતી પીતા શંકર દેવા;
હાજીરે મૈયા પીતા શંકર દેવા- પ્રથમ સમરૂં.
પહેલારે કરમાં જળ કમંડળ, બીજેરે જપમાળ,
હાજીરે મૈયા બીજેરે જપમાળ. પ્રથમ.
ત્રીજાયે કરમાં ફરશી સોહએ ચોથે મોદીક સાર,
હાજીરે મૈયા ચોથે મોદીક સાર, પ્રથમ.
કવિ હરીલાલ અરજ કરેછે જીવ્યાએ જશ લેવા,
હાજીરે જીવ્યાએ જશ લેવા, પ્રથમ.

શ્રીસરસ્વતિ માતાંની સ્તુતિ ૨.

(પીતા માતા ક્ષમા માગું, એ રાગ)

સરસ્વતિ માતા વંદુ હું, જીભ્યાગ્રે વાસ કરજે તું;
નમન તુજને કરૂં પ્રીતે, સ્વીકારો માન ધરી ચીતે;
માજી હું બાળ તારો છું, થાને તું સ્હાય એડી છું. સર૦
માજી ગુણ તુજમાં છે ઘણાં, સંકટ મારાને પ્રીતે હણો;
તારી સ્હાયતા વીનાનો નર, નક્કી સમજવો ખર;
તારા ગુણથી તો હદ આવી, છબી તારી મુને ભાવી;
મારી સ્તુતિ ઉરે ધારો, ખરો આધાર છે તારો. સર.
હરીલાલ કહે છે શીશ નામી, માજી તુજ સ્હાય પામી.
બાળક જાણી પ્રીતે પાળો, થાઓ સ્હાએ ને ઉગારો. સર.

પ્રભુ સ્તુતી. ૩

પ્રભુ અંતરયામી છો બહુનામી, ગરૂડાગામી જોશો ના મારા કામ,
અમે પાપી ને કામી, ને બહુ ખામી, તમે છો સ્વામી જોશો ન
મારા કામ. પ્રભુ૦ ૧
બુદ્ધિ વિકૃત આ બાળક તારાને, સ્હાય થા સુંદીર શ્યામ;
બુદ્ધિ અર્પણ કરીને ટાળો, કુબુદ્ધિ તમામરે, પ્રભુ૦
અનાથ બાળક છું હું તમારો જુઓ ધારીને આમ;
નજર કરીને પેખો પ્રભુજી શામળીયા ઘનશ્યામરે. પ્રભુ૦
શીરાંબાઇનાં બીજ આરોગ્યાં, કરી સુગ્રીવની સ્હાય;
બીભીક્ષણને પ્રીતે તાર્યો, રક્ષાથી સુવનવાયરે. પ્રભુ૦
મૂઢ મન મમતામાં રહે છે હેડે રાખી હામ;

ભવ તરવાના ભાવ ધરીને ભજીએ તારૂં નામરે. પ્રભુ.
દેહના વર્ણ મગ થયું ને હારી બેઠા છીયે હામ;
મચ્છેદ્રો મળે તારા નામનો તો સંધાયે સઘળું કામરે. પ્રભુ.
દાસ હરીલાલ કરજોડીને કહે છે વારંવાર;
શેવક તારાને સહાયે થઇને ઉતારજે ભવપારરે. પ્રભુ.

અંબાજીની સ્તુતિ. ૪

(રાગ સુંદીર સ્યામ હો તજી અમને.)

બલધારી બહુચર અંબે માતહો તજી અમને આશાસુરની
રાણી આવાને ભારીએરે;
મહીસાસુર મારી માએ રૂધીરજ પીધાંરે, વાઘપર કીધી અ-
સ્વારી. અંબે૦
કુલડીએ તો મોટું કટક જમાડયુંરે, કુલડી તો નવ થાય ખાલી.
અંબે૦
સેવક સર્વે અરજ કરે છે ચરણ કમળબલીહારી. અંબે૦
દાસ હરીલાલ ચમર ઢાળેરે, માજી ભકિત કરે તમારી. અં૦
ગાય, શીખેને સાંભળેરે, અંબેમા પુરે તેની આશ;

શ્રી બહુચરાજીની સ્તુતિ. ૫

રાગ. આંખ્યો વિના અંધારૂં.

બહુચર વિના અંધારૂં રે, સહાય મારે બહુચર વિનાનું અંધારૂં.
કોઈ કહે કૃષ્ન માજી, કોઈ કહે ઠાકોર માજી;
હું તો અંબે નામ નિહાળું રે. સહાય

કોઇ કહે જુગ સારૂં માજી, કોઇ કહે નઠારૂં માજી;
મારે મન સદાય જગ ખારૂં ખારૂં રે, સદાય.
કરજોડી સેવક અરજ કરે છે, બહુચર નામ સારૂં સારૂં રે. સ.
આય શીખેને સાંભળેરે, તેને સ્વર્ગ સમ સુખ મળેરે;
હરીલાલ કહે લક્ષ ચોરાશી ફેરા ટળેરે, સદાય.

બહુચરાજીનો ગરબો

શ્રી બહુચરાજી માત સમરી જોડું હાથ.
સહાય કરો મરજી ઉર ધરો તમે રૂડીયા સાથ. શ્રી.
શંખલપુરમાં આપ બીરાજો બાળી બહુચર માત;
ચુંવાળ મધ્યે ધામજ તારો, દેવી છો સાક્ષાત. શ્રી.
સંવત ૧૯૬૮ ના વરષે, માગશર સુદી પુનેમ;
ગાયન જોડયું આપનું માજી, ધારી ઉર આનંદ. શ્રી.
ભુલચુકની માફી માગુ, ઉરના ધરશો લેશ;
બાળક છું માજી તમારો, ભણ્યો નથી લવલેશ;
આય શીખેને સાંભળે તેની પુરજો આશ. શ્રી.
દાસ હરીલાલ ચમર ઢોળે, કરજો તેની વાર;
સેવક તારો શરણે આવ્યો ઉતારો ભવપાર. શ્રી.

અંબાજીની સ્તુતિ. ૭

('ગોવીંદા ગુણ ગાઓરે, ગોપાળા ગુણ ગાઓરે; એ તરાહ.)
અંબાજીનાં ગુણ ગાઓરે, બહુચરના ગુણ ગાઓરે;
ઓળીયા નાનાં બાળ!

જગત આધારણુ ભવોભવ તારણુ;
અંબેથી નેહ જણાવોરે, અંબે.
ગોખ ચડી ગાજે, અંબર બીરાજેરેમા;
અંબે માજીના ગુણ ગાઓરે. અંબે.
કહે સોમનાથ, બેઉ કરજોડીરે;
દાસ તમારો કરી થાપોરે, અંબેના ગુણ ગાઓરે.

માજીની સ્તુતિ. ૮

મોર મોર સીધરાંજ. એ રાગ.

ઉધાડોને દરબાર માજી જુઓ છો શું ?
જુઓ ના જુઓ ના જુઓછો શું, ઉધાડોને.
શેવ ખવરાવીને બેસી રહ્યા છો, તેના ઉપર કોપ લાવોછોશું, ઉ.
પાપી આવીને માજી પાપ કરે છે, તેના ઉપર સ્હાય થાઓછોશું, ઉ.
કહે હરીલાલ બેઉ કરજોડી, ચરણ કમળ ચીત્ત રાખુંછું હું; ઉ.

અંબાજીની સ્તુતિ. ૯

બંધ કીલ્લો બાપુ છે શું કામ, એ રાગ.

નામ અંબાનું લેતાંરે કોધ પાપી કરો છો શું કામ,
અંબા અંબાને અંબા ભજીશું,
તેને ભજવાની છે હામ, નામ.
માજીના ગુણું જેણે ના ગાયા, તેની જીભંધાએ છે ડામ. નામ.
કહે હરીલાલ સર્વે સજ્જનને, ભજો માજી કેરૂં નામ. નામ.

બહુચરની સ્તુતિ. ૧૦

પ્રથમ સ્તુતિ કરૂં મા તુજ તણી, દેહ મતી શુભમતી;

નમીને નમીને અલ્પમતી, સરસ્વતી ભગવતી ભજીએ ભાવે;
બહુચર માજી તુજ પદમાં. ૧
ધન્ય ધન્ય તું બહુચર બાળી, દેવી તુ દુખની હરનારી;
કરો સહાય નમુ પાય શરણાંગત જાણી. પ્રથમ
સંવત ૧૯૬૮ ની સાલે, ગ્રંથ રચ્યો માજી કૃપાયે;
થનનન થજવી ઘનનન ગજવી કરતા જયજયકાર. પ્રથમ ૨

શ્રી મહાકાળીનો ગરબો. ૨૧

પૃથુરાયે ગરબડીયો કોરાયો, કે ઝીણી મેલી જાળીયોરે લોલ;
રમે રમે રાજાની સોળ રાણી, કે સતરમી કોણ રમેરે લોલ.
રાયની મોટી ચંચળ નાર, કે રાયને ચાડી કીધીરે લોલ.
ત્યારે ઉઠયો પતઇ રાય, કે જોવા નવલી નારનેરે લોલ.
ચાલ્યા ત્યાંથી સરવે ઘેર, કે પાપી પુઠે પરવયોરે લોલ.
જઇને ઝાલ્યા માના કેશ કે પાલવ હેઠો પડયોરે લોલ.
માગ્ય માગ્ય પાવાના રાજન, કે તુજપર પ્રસન થઇરે લોલ.
આગું એટલું વચન કે મોલે પધારજોરે લોલ,
ફટ ફટ પાવાના રાજન, કે એશું માગીયુંરે લોલ;
માગ્ય માગ્ય પુત્ર કેરી જોડ, કે બંધાવું ઘેર પારણાંરે લોલ.
મ્હારે પુત્ર કેરી જોડ, ઝુલે છે સોના પારણેરે લોલ; ૮
માગ્ય માગ્ય દેલીને ગુજરાત, કે આપું લક્ષ માળવોરે લોલ;
મ્હારે છે દેલીને ગુજરાત, કે આપું લક્ષ માળવોરે લોલ.
માગ્ય માગ્ય અમદાવાદ જેવું શહેર, કે ભદ્ર આપું બેસણાંરેલોલ.

છે મ્હારે અમદાવાદ જેવું શહેર, નીત્ય એનું પાદીયેરે લોલ.
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાળ, કે હાથી આપું ઝુલતારે લોલ.
છે મ્હારે ઘોડાની ઘોડાળ, કે હાથી બારણે ઝુલતારે લોલ.
માગ્ય માગ્ય પાવાના રાજન, કે તુજપર પ્રસન થઈરે લોલ,
માગું માગું એટલું વરદાન, કે મહોલે પધારજોરે લોલ.
ફટ ફટ પાવાના રાજન, કે એશું માગીયુંરે લોલ;
આજથી છઠેને છઠ્ઠે માસે, પાવો મ્હારો પ્રલય થશેરે લોલ.
અહીંથી મુગલની ચઢી ફોજ, કે બુઢીયો બંધ થયોરે લોલ.

પતઈ ઉપર મુગલની ચઢાઇ.

બસ બસ અહાંરે બસ બસ,
ઉભા રહો આંહી, જવાનું નથી માંહી.
પોઠોમાં શુંય ભર્યું છે, કંઇ દગાનું કામ કર્યું છે;
લઢવાનું હામ કરી કરી બદલામ. બસ ૧

પતાઇ રાજાની કચેરીનો બહાર.

શોભા અપરંપાર ગીરીવર, એ રાગ.

શોભા અપરંપાર-કચેરીની શોભા અપરંપાર;
શોભતા જોઈ, રાજા રહ્યો મોહી, શોભા.
સિપાઇ સપરાં બહુ મારે ઠાઠ,
ઝાઝા આવે છે જાચવાને ભાટ,
હજુર કરે, સલામો વારંવાર; કચેરીની શોભા અપરંપાર,

પતાઇ રાજા ઉપર મુગલની ચઢાઇ.

અરે વખત શો આવીયો, ભાવે ભવિષ્યે ભુલાવીયો;
પ્રજા કીધી પાયમાલ, સૌનાં કીધાં બુરા હાલ;
હાંરે સુલતાને કેર મચાવીયો. ભાવે.
આ દેવીએ જુલમ મચાવીયો, આ વખત શો આવીયો. ભાવે. ૨

પતાઇ માતાજીને વીનંતિ કરે છે.

બોલો બોલો માજી જરી બોલો માજી;
પતાઇ પાપી વીનતિ કરે છે; જરી દયા કરો માજી !
માએ સોલંકીને વર દીધો, માયે ઘોડીતણોરે ઘોડો કીધો;
માયે વીમળ બાળ જાણી ઉગારી લીધો, જરી. ૧
માયે તેજમલનું તો કામ કીધું,
અલાઉદ્દીનને પારખું એક દીધું. જરી. ૨
ઓ મહાકાળીરે પાવાવાળી, પતાઇ, જરી. ૩

માતાજીનું વરદાન.

બે પોષને પાવો થાશે, ત્યારે પતાઇનું રાજ્ય થાશે.
બોલો બોલો બોલો માજી પતાઇ પાપી વીનંતી કરે છે જરી. ૪

કાળકાનો ગરબો. ૧૨

મા પાવાતે ગઢથકી ઉતર્યાં મહાકાળીરે,
જીવ્યાયે પુરએ જશ પાવાવાળીરે.
શેવક જાણી લ.હ રો મહાકાળીરે,
શીરપર ધરજો હાથ પાવાવાળીરે.
હરખ હૈયામાં થાય છે, મહાકાળીરે

ગુણ ગાયાનું છે મંન પાવાવાળીરે.
મા દયા કરો તમે દાસને મહાકાળીરે,
તેથી ઉપજે બુદ્ધિ સાર પાવાવાળીરે.
ગુણ ગાઇએ મા તાહરા મહાકાળીરે;
મા કહેતા નાવે પાર પાવાવાળીરે.

બાળક બુંદ્ધિ શું કરૂં મહાકાળીરે;
માજો હોય તાહરો હાથ પાવાવાળીરે.
તેરી નગરી દેશ મહાકાળીરે;
ચંદ્ર ચતુરસુજાણ પાવાવાળીરે,
મા રામા સરીખું રાજ છે મહાકાળીરે,
વસે અઢારે વરણ પાવાવાળીરે.

ચંચળ અતીઘણી નારીઓ મહાકાળીરે;
નીરમળ જેનું મન પાવાવાળીરે.
ખેલે ગરબો ચોકમાં મહાકાળીરે;
નવરાત્રી નવદીન પાવાવાળીરે.
સોળે શણુગાર શોભતા મહાકાળીરે,
પહેર્યાં દક્ષણી ચીર પાવાવાળીરે.
રમે ગરબે ગુણવંતીઓ મહાકાળીરે,
મનમાં રાખી હુંશ પાવાવાળીરે.
તાળીતણી ઝડીઓ પડે મહાકાળીરે;
ત્યાં શોભાનો નહીં પાર પાવાળીરે.

શબ્દ સોહામણા મહાકાળીરે;
ત્યાં નવરંગી નારી ગાય પાવાવાળીરે.
ત્યાં થકી માતા આવીયાં મહાકાળીરે;
ચંદ્રમા સરખું તેજ પાવાવાળીરે.
સુરજ સરખું તેજ છે મહાકાળીરે;
ભાવે ધરીયાં રૂપ અપાર પાવાવાળીરે.
રાણી સરવે ઝાંખી પડી, મહાકાળીરે.
માના તેજ તણો નહિ પાર પાવાવાળીરે.
રાણીઓ મનમાં વિચાર કરે મહાકાળીરે;
આવ્યાં નવતમ નાર પાવાવાળીરે.
માએ રૂપ અતિશે ધર્યું મહાકાળીરે,
જેની સોના સરખી કાય પાવાવાળીરે.
રાયની મોટી ચંચળ નાર મહાકાળીરે;
જઈને કીધી રાયને વાત પાવાવાળીરે.
રાણીઓ રાય આગે વિનતિ કરે મહાકાળીરે,
સાંભળજો પ્રાણનાથ પાવાવાળીરે.
એક નૌતમ નાર રમવા આવીયાં મહાકાળીરે
જ્યાં બાવનમો બજાર પાવાવાળીરે.
બત્રીશ લક્ષણ સુજાણ મહાકાળીરે;
તેના જેવી કોઈ નહિ નાર પાવાવાળીરે.
તેને જોઈ ત્રીલોવન મોહી રહે મહાકાળીરે;

તે પદમણી અવતાર પાવાવાળીરે.
રાયને ગંમી એ નાર મહાકાળીરે;
સુરજનો થયો તેજ પાવાવાળીરે.
તેનો દિવસ ગયો દોહલો મહાકાળીરે;
મનમાં ઘણો કરે વિચાર પાવાવાળીરે.
રાત પડી દિવસ આથમ્યો મહાકાળીરે;
ચોઘડીઆં ઘણુંકે નીત પાવાવાળીરે.
ઘેર ઘરથી નીકળી નાર મહાકાળીરે;
ગરબે રમવા જાય પાવાવાળીરે.
રંગ મચ્યો ત્યાં સાહેલડી મહાકાળીરે;
ત્યાં આવ્યાં માત પાવાવાળીરે.
રાણીએ દાસી મોકલી મહાકાળીરે;
રાજાને કહેવા વાત પાવાવાળીરે.
ત્યાંથી પતાઇ રાજા ઉઠીયો મહાકાળીરે;
જોવા નવલી નાર પાવાવાળીરે.
આવી નજરે નીરખી નાર મહાકાળીરે;
હુરંખ વધ્યો અપાર પાવાવાળીરે.
નજરે નજરે નીરખ્યાં મહાકાળીરે;
મુરછીત થયો રાય પાવાવાળીરે.
તેતો રંગે મોહી રહ્યા મહાકાળીરે;
જોઇને શો લાગ્યો નેહ પાવાવાળીરે.

મધરાત્રીતો વહી ગઇ મહાકાળીરે;
માજી ગઢપર જાય પાવાવાળી.
માતા આવ્યાં એકલાં મહાકાળીરે;
પતાઇયે જાણી વાત પાવાવાળીરે.
પાપી તે પુઠે સંચર્યો મહાકાળીરે;
માનો ઝાલ્યો હાથ પાવાવાળીરે.
માગ્ય માગ્ય મુખથી કહે મહાકાળીરે;
એવું બોલ્યાં માત પાવાવાળીરે.
માગું માગું એટલું મહાકાળીરે;
પધારો આ પણે ઘેર પાવાવાળીરે.
કોપ કરીને માજી બોલીયાં મહાકાળીરે;
તું શું બોલ્યો વચન પાવાવાળીરે.
જશે તારૂં રાજ જડામુળથી મહાકાળીરે;
આવી પહોંચ્યો કાળ પાવાવાળીરે.
પોઢયો ત્યાંથી ઉપડી મહાકાળીરે;
સુલતાને કરી ચઢાઈ પાવાવાળી;
પોઠોમાં મુગલ ભર્યા મહાકાળીરે;
મુરદાસે જાણી વાત પાવાવાળીરે.
પોઠોમાંતે શું ભર્યું મહાકાળીરે;
આપોને દાણ પાવાવાળીરે.
મુગલ મુખથી બોલીયા મહાકાળીરે;

મહીં છે મેસુરની દાળ પાવાવાળીરે.
સુરદાસ વાણી બોલીયા મહાકાળીરે;
ચીઠ મારી તેણીવાર પાવાવાળીરે.
મુગલ તો મરી ગયા મહાકાળીરે;
ચાલી રૂધીરની ધાર પાવાવાળીરે.
સુલતાન મુખથી બોલીયો મહાકાળીરે;
મુગલ નીકળ્યો મહારે પાવાવાળીરે.
સુરદાસને ત્યાં મારીયો મહાકાળીરે;
લુંટયો રાજાનો ભંડાર પાવાવાળીરે.
રાયને ચીંતા બહુ થઇ મહાકાળીરે;
ગયો પાવાગઢ માંય પાવાવાળીરે.
પતાઇ રાજા વિનંતિ કરે મહાકાળીરે
બાહુ છું તારો બાળ પાવાવાળીરે.
અસદીત જોડયો બોલ મહાકાળીરે;
ના લાવો મુજપર ક્રાળ પાવાવાળીરે.
પતાઇ રાય વિનંતિ કરે મહાકાળીરે
હેવે પાછી જાય માવાવાળીરે.
માયે મન વિચારીસું મહાકાળીરે;
પતાઇને આપું સુખ પાધાવાળીરે.
ગાય શીખેને સાંભળે મહાકાળીરે;
તેની મા પુરશે આશા પાવાવાળીરે.

તું જશવંતી કાળીકા મહાકાળી;
ગુણ ગાએ હરીલાલ પાવાવાળીરે.

અંબાજીની સ્તુતિ. ૧૩

અંબે મા મારી દુખડાં મારા કાપો સુખ આપો માંજી;
આવીને આ ગુણ તારા ગાઉંછું, શેવામાં હું હાજર રહુંછું.
દાસ સદાનો થાઉં છું, અંબે મા.
જઈ આરાસુર ગાત્ર હું ગાઉં, નામ માજી તારૂં નહી વિસારૂં;
અંબે મા મારી.

બહુચરાજીનો ગરબો. ૧૪

ધન બહુચર માત તું મારી ધન દેવી છે દુખ હરનારી; ધન.
જેની નીતિછે નીગમ દેવી પોતે પુરણ બ્રમ;

સાખી.

શંખલપુર શુભ ધામમાં માનસરોવર કહેવાય;
જ્યાં નરને નારી નાય છે પાપી પાવન થાય. ધન.
દર પુનમે માનો સંઘ આવે ત્યાં પાપી પાવન થાય. ધન.
દીપમાળ માનો શોભે દેવ સઘળા લજ્યા ન લોપે. ધન,
આરાસુર શુભ ધામમાં અંબાજી કહેવાય;
વીમળ તેનો બાળ છે ચરાવે માની ગાય. ધન.
ધન કોટેશ્વર કહેવાય આબું મુકામ છે માય;
શણગાર સજે છે માય અવીચળ જોત સળગે છે ત્યાંય. ધન.
વીનતી કરે છે હરીભાઇ ચમર ઢોળે મંગળભાઇ;
સદાચરણમાં રાખોને માત, ધન.

રાધાજીનું રૂસણું ૧૫

હરી ગયા ચંપા કેરી વાડી, લાવ્યા પાંચ ફૂલ શું ભગવાન
રાધે ભરી સભામાં ભાગ પાડ્યા,
રાધાનો ભાગ શું ભુલ્યા ભગવાન
રાધા અંતર ભીડ્યા કમાડ,
સારી વાશી સાંકળો ભગવાન;
કૃષ્ન–લાવો લાવો તુમબી દોરકે,
ધોયેલાં લાવો ધોતીયાં. રાધે પ્યારી.
રાધા–સાખે ના દેશો હાથકે, કાઢેલા ચીત્ર બગડે ભગવાન.
ચોકમાં ના દેશો પગ ધોયેલા, ચોક બગડે ભગવાન;
અંતર ખોલ્યાં કમાડ અંતર, ખોલી સાંકળો ભગવાન.
કૃષ્ન–હાથે લીધાં તુમબી દોર, ધોયેલાં લીધાં ધોતીયાં. રાધે
રાધા–પાડા તણી પાડોશણુ હરી જતાં તે દીઠા મારી બેની.
નથી દીઠા કૃષ્ણ કાન નથી દીઠી ગોપીયો; રાધે.
પાણી ભરંતી પાણીયારી હરીને જતાં તેં દીઠા મારી બેની;
નથી દીઠા કાન.
ગાયો ચારંતા ગોવાળ હરીને જતાં તેં દીઠા મારા વીર;
મેં તો દીઠા કૃષ્ણ કાન બાગમાં ધોવે ધોતીયાં; રાધે.
એક દુધ બીજું દહીં ફાટ્યા પાછી નહીં મળે, રાધે.
રાધા–એક હીરને બીજી ગાંઠ તુટે પણ છુટે નહિ ભગવાન;
કહે હરીલાલકે મંગળ વિનવે ભગવાન

શંકરની સ્તુતિ ૧૬

અરે કૈલાશનાં વાશી આ વેળા ગયા કયાં નાશી,
ભાવ ધરીને પાઉં ભાંગ્ય ચડાવું જય શીવશંકર હરહરરે;
અરે તું ગણેશનો તાત શણગાર સાથે પહેર્યા શાક્ષાત ભાવ.
નંદીપર કીધી અસવારી ત્રીશુળ શોભે હાથમાં ભારી ભાવ.
ડાખ ડમરૂખ સંગ ભભુતી ચોળી છે અંગ, ભાવ.
સાથે ડાખ ડમરૂખ વાગે હરઃ કુનમાનકી વાગે ભાવ.
કરજોડીને કહે હરીલાલ સેવા કરૂં વારંવાર. ભાવ.

દ્રુપતીના વિલાપ ૧૭

પાતળીયાજી કરજો મારી શાયરે,
ગરૂડે ચડીને ગોવીંદ આવજોરે;
મીરાંતણી કીધી શાયરે,
દ્રુપતીનાં ચીર પુરવાને વેલા આવજોરે. પાત.
મારી શોકતણો એ ભાઈરે,
આરે તેને શી સબાઈ. ગરૂડે ચડીને.
ભરનીદ્રામાંથી પ્રભુ પોતે જાગ્યા,
ગરૂડે ચડીને વેલા આવજોરે. પાતળીયાજી.
દ્રુપતીને હાથોહાથ તાળી આપીનેરે,
પડછારૂપી સભા મોઝારરે. ગરૂડે ચડીને.
નવજાતનાં ચીર લાવ્યા પોતે દીનોનાથ,
દ્રુપતીની તો લાજ રાખી. ગરૂડે ચડીને.

ભરી સભામાં દુર્યોધન બોલ્યો, આવો દ્રુપતી નાર;
ઉછંગપર તમે બેસો, એમાં સતીયાં કરે વિચારરે. ગરૂડે
પાંચ પતી માહરા બોલે સતવાન, મારા ભીમ સ્વામી-
ની ગદા બેસે ને તારા જાશે પ્રાણ. ગરૂડે
પાતળીયાજી કરજો મારી સ્હાયરે. ગરૂડે ચડીને૦

માતુશ્રીની ગરબી. ૧૮

કોણ કરે ગુંજારરે જુગમાં જીવને થોડા કોણ કરે ગુંજાર;
ચુનચુના મટી માજી મહેલ બનાયારે, મુરખ કહે ઘરબારરે. જુ૦
કોન ભાઇ તારો કુટુંબ કબીલોરે, કોણ પુત્ર પરીવારરે. જુ૦
માલ ખજાના તારી સાથ ન આવેરે, ભુલ્યો માજીનો
દરબારરે. જુગમાં.
દાસ હરીલાલ વીનતી કરેછેરે, દાસ મંગળ વીનવે વારંવારરે. જુ.

માતાજીની સ્તુતિ ૧૯

તારો મુજને હેતેથી ગ્રહી હાથરે હો માતજી,
ગાઉં આનંદે ગુણગાયરે હો માતજી.
આશરો મારે તો સાચો એક માજી આપનો છે,
સ્તુતી કરૂં છું સ્નેહ સાથ હો. માતાજી તારો૦
છે નહિ આશામારે ધન ધરા ભામનીરે,
ભજવું છે મારે નીત તારૂં નામરે હો. માતજી. તારો૦

ભદ્રકાળીનો છંદ. ૨૦

ધનધન ભદ્રકાળી, મેં તો જોયાં નજરે ભાળી, ત્રણ દરવાજાવાળી. વચ્ચે લટકે છે એક હાંડી, મહીં છે ઝમરૂખ, માની ઘડીયાળ છે સ્ટે, ગાદી બેસે છે હેઠ, સાંજે બરાંય પલેટ, મહીં હાજરી લે છે; શુકરવારે ઠોઠાઠોઠ, શનીવારે શોકાશોક, રવીવારે લાલે લોક. મૈયા દરશન દે છે, માનું કંઇ નથી છાનું, પાછળ છે કેદી ખાનું, માજી આવીયાં છે પીતળ દ્વાર, જડૈયાં ... ત્યાં તો ધુ-પનો ધમકો, ત્યાં તો ઝાંઝરનો છે ઝમકો, ત્યાં તો ભગત કરે છે ઠમકો. થેઇ થેઇ નાચું. માજી શણગાર ધરે છે, આવી અમને મળે છે, કીધી સીંહ ઉપર અસવારી, હાથે ખુલી છે તરવારી; કહે હરીલાલ ગણપતરામ રહે છે શાહપુર મુકામ. માનો વાસ છે ઠામોઠામ.

પરભાતીયું. ૨૧

ઉઠને પરભાતનાપોરમાં, તું સમરલે ગણપતી દેવારે;
માતા જેની પારવતી પીતા શંકર દેવા,
નામ લેતાં સમગ્લે ગણપતી દેવા,
એકદંત દયાવંત ચાર ભુજા ધારી,
સીરપર સીંદુરા આંકી સફળ સેવા.
ચઢે ઉંદરની સવારી, ચઢાનેકું પાન ફુલ ખાનેકુ લડુ,
સદી સબ તુમકું સમરે, ક્રસ્ન મહાદેવા,

નામ લેતાં વીઘન હરે સફળ તારી સેવા.
સોના થાળ ફુલકી માળા, જાશુ બાળ મંગળહંસ હરીદાસ
ગુણ ગાવે, સદાચરણ રાખો આપ તમારા.

ભજન. ૨૨

રામ સમરલે સુકીત કરલે કોન જાણે કલકી, ખબર નહી આ જુગમાં પલકી; પીલેને બુટી રામનામકી. પીલેને બુટી, કોડી કોડી માયા જોડી લાખ પચાસનકી, સામળા કોન જાણે કલકી. પાપકી ગઠડી શીરપર ધરી કોણ કરે હલકી, રામ વીના કોણ કરે હલકી; મટીયાં જંગલકી રામનામ મટીયાં જંગલકી, મટીમાં મટી મીલ જાયગી, ખબર નહી આ જુગમાં પલકી.

બહુચરાજીની વીનંતી. ૨૩

અહો માજી હરો ભવની ભીતી ને અચળ અમર જગ થાય તન પળતા. દુઃખ હરતાં, સુખ કરતાં, દીલ દયા ધરીને એ હેતે કાપો દુરમતીને. આવ્યા અલમતીના બાળ, સુખ દીધો અપરંપાર; આવે કાળ, જાશે વાળ, સ્મરણ કરતાં સરસ્વતીનું પુરે મતીના તન દીલ દયા ધરીને હેત, કાપો દુરમતીને. અહો.

સ્તુતી. ૨૪

(થયાછેરે પતી સેજ પ્યારી તનના ઉર હશી વરીઆજે)
ધન અંબે માતુ મારી, અંબે છે દુઃખ હરનારી.
આની પાસે સૌ જન આવે, ત્યાં પાપી પાવન થાય. ધન

માની પાસે તે હવન થાય, ત્યાં ચીર ચુંદડી હોમાય,
ત્યાં માનુની મંગળ ગાવ૦ ધન૦

ડાબી બાજુ તે નારસીંગ બાજે, માનો ભૈરવ ત્યાં બીરાજે;
સનમુખ હનમાનકી હાક વાગે, ત્યાં નારદ વેદ ભણાવે. ધન૦

બ્રાહ્મન હરીલાલ વીનવે છે, મંગળદાસ વીનતી કરે છે;
એ નીત પાયે નમે છે. ધન૦

સંખલપુરી આરતી. ૨૫

આરતી તારી ઉચરીએ સંખલપુરી આરતી તારી ઉચરીએ;
આવ્યા શરણાગતને સ્હાય કરીએ. સંખલપુરી૦

અબીલ ગુલાલને પુષ્પ ચડાવું માજી, કળસ લઇને ફરીયે. સં૦

કુમકુમ કેશર હાથમાં ઘોળી, વીનંતી ઉરમાંહી ધરીયે, સં૦

શીરપર મુગટ શોભે સારો, કુકડપર કીધી અસવારી. સં૦

દાસ હરીલાલ નામ ભજે તારૂં, તને ભજેથી તરીયે. સં૦

બહુચરનું ગાયન. ૨૬

મારી બહુચરમાત સાથે લાગીરે લગનીયાં સારી દીનરાત;
પ્યારી છબી બહુચરીની સ્થાપી ઘટ ઘરમાં મેં તો,
તારે હાથે છે મારી લાજ શંખલપુરમાં ફરતાં ધરતાં હરતાં
આજે મહારી૦

નીકે નીત ફુલ ધારી, બહુચરી નીત ભજું હું તો;

શેવું છોડીને બીજાં કાજ, શંખલપુરમાં ધરતો ફરતાં ફરતાં
આજે. મ્હારી૦ ,

માતાજીની સ્તુતી. ૨૭

સેવકની અરજી સુણી માજી વગર વીલંબે ધાઓ;
પણ દાસપર દિલ ધ્યાલુ માતા ઉમંગ આવો. શેવકની૦
બહુચરમાજી તમે મારાં સંખલપુરમાં આપ બીરાજ્યાં,
આ બાળકને બચાવો. શેવકની૦
કરો ભક્તિવાન સ્નેહ ધરીને દયાળે માજી મારાં;
નીરાધાર દાસના દુઃખને બહુચર કરજો ન્યારા;
શંખલપુરી આધાર તમારો, અવર કોણ છે અહો અમારો;
પરછો માજી આપો.

શ્રી અંબાજીનો ગરબો. ૨૮

હું તો આરાસુરી લાગું પાય કે ગરબો અતી ઘણોરે લોલ;
આરાસુરમાં અંબા બેઠી કે મહીમા અતી ઘણોરે લોલ;
માજીને પારે આવે લોક કે દુરે બહુ દેશનારે લોલ,
ત્યાં આવે બાળ જોબન ને વૃધ કે અતી ઘણાંરે લોલ;
એક દિવસમાં ત્રણ રૂપ ધરે કે ઘણાં ઓપતાંરે લોલ,
જોબન બાળ વળી વૃધ કે આયુધ શોભતાંરે લોલ;

માજીને છત્ર સોનાનું શોભતું કે રત્ન ઝુલતાંરે લોલ,
ત્યાં ફરતી હીરાની કોર કે છત્ર અમુલનાંરે લોલ;

વાઘ ઉપર બેઠાં માજી કે આયુધ ધરીનેરે લોલ,
આની આગળ સુરજ ઝાંખો થાય કે લેલાટે આડ કરીરે લોલ;

આની શોભાનો નહી પાર કે શોભા શી કહુંરે લોલ,
આને કોટે એકાવળ હાર કે શોભા અતી ઘણીરે લોલ;

આને હાથે બાજુબંધ કે ચુડલો શોભતોરે લોલ,
આને હીરા રત્ન તણી કરણીયો કે ચુનીયો બહુ જડીરે લોલ;

આને કાને કુંડલ કે નાકે વાળી શોભતીરે લોલ,
આને પાંથીયે પુર્યો અનુપ કે દામણી શોભતીરે લોલ;

આને દશે આંગળીયે વેઢ કે ઝાંઝર ઝમઝમેરે લોલ,
આને કલ્લાં કાંબીને તોડા કે ઝાંઝર શોભતાંરે લોલ;

આને ચણીયો ચોળીને ચીર કે ઓઢી ચુંદડીરે લોલ,
આને ચોક વચ્ચે બહુ નાર કે ફુંદડી ફરે ફરેરે લોલ;

આને ઘીની બળે છે જોત કે નારી થોભી રહીરે લોલ,
આનું તેજ જોઇને કે અચરત પામીયોરે લોલ;

આના દરશન થકી કે દુઃખડાં વિસર્યાંરે લોલ,
આના મંડપની શોભા થકી કે મનમાં અમી ઝરેરે લોલ;
આને માનસરોવરમાંહે કે અમરત ભર્યાંરે લોલ,

તેમાં જે કોઇ નાય કે પાપી પાવન થયોરે લોલ;
શું કહું દેવળની શોભા કે મંડપ શોભતાંરે લોલ,
માનો પુનમે સંઘ જાય કે શું વરણુન કરૂંરે લોલ;
માને ફરતી બંગલા ને બેઠકો કે અતી ઘણી શોભતીરે લોલ;
માને સામી છે એક વાવ કે સારી ઓપતીરે લોલ;
ત્યાંથી ચાલ્યા ઉત્તરમાંહે કે સુંદર બાગ છેરે લોલ,
શું કહું આરાસુરની શોભા કે રચના અતી ઘણીરે લોલ;
માને સુરીજન મુનીજન સેવે કે બ્રહ્મા ધ્યાન ધરેરે લોલ,
માની વિનતી કરે હરીલાલ કે શોભા અતી ઘણીરે લોલ;
માનો ગરબો જે કોઇ શીખે કે પાઠ નીત્ય કરેરે લોલ,
કોટી પાપ પ્રલય થાય કે તે રોજે તરેરે લોલ;
માજી સેવક જાણી ઝાલો હાથ કે કરૂણા કીજીયેરે લોલ,
મા ગુણ ગાવા નીશદીન કે બુદ્ધિ આપજોરે લોલ;
સુણી હરીલાલની વિનતી કે શરણે રાખજોરે લોલ.

અંબાજીની સ્તુતિ. ૨૯

(રાગ–પુનમ ચાંદનીનો.)

આજે સ્નેહ ધરીને માતાજીને પુજીએરે,
જેણે અસુર કેરો કીધો છે સંહાર, એવાં અંબાજીને સેવ્યાથી
સુખ પામીયેરે.

સાખી.

અસુરનેં સંહારીને કીધી લીલા લહેર, ભકતને સુખી કર્યા.
કીધી છે બહુ મ્હેર;
એવી ઘણી ઘણી તો માતાએ કૃપા કરીરે, જે સેવક ઉપર
રાખે છે બહુ મહેર. એવાં૦

સાખી.

સેવકે અરજી કરી અસુર નડે અપાર, અંબા કૃપા કરો
ઉતારો ભુભાર;
એવી અરજ સાંભળી માતાજી ક્રોધે થયાંરે, ખડગ ધારીને
અસુર માર્યા ઠાર; એવાં અંબાજીને.

સાખી.

આરાસુરી અંબા તણા ગુણ છે અપરંપાર,
સર્વે જન ભક્તિ કરો કરશે અંબે સ્હાય, માટે સર્વે માણુરે
અંબાજીને સેવજોરે;
ગુણ તેના ગણવા જતાં ગ્રંથે નાવે પાર. એવાં માતાજીને.

સાખી.

આબુ ગઢ સ્વામી થકી શોભે છે અપાર, સર્વે જન ભક્તિ
કરો તેમાં છે બહુ સાર;
હરીલાલ કહે માજીને ભાવે ભજોરે, જેને સેવ્યાથી ભવ
વચય. એવાં અંબાજીને.

બહુચરાનો ગરબો. ૩૦

શંખલપુર સાચી મા બહુચરા, માજી આપો જોબન નેક રોજરા;
માયે ખોટા પુરૂષને કીધા ખરા. શંખલપુર૦

દર પુનમે સંઘ માનો જાય છે, ત્યાં તો પાપી પાવન થાયછે. શં૦
માનું માનસરોવર જળ ભારી, તેમાં નાયછે નરને નારી. શં૦
માનો ચાચર બેરો કેવાય, બારે માસે હવન થાય. શં૦
ત્યાં તો માનુંની મંગળ ગાય, ત્યાં ચીર ચુંદડી હોમાય. શં૦
મહારાજ મંગળદાસ અરજ કરે દાસ હરીલાલ વીનવે. શં૦

સ્તુતિ ૩૧

(રાગ કામ છે દુષ્ટ વિકારી.)

માજી તારી ભક્તિની માયા લાગી, માજી તારા મુખડાની
માયા લાગી.

ભક્ત શેવક ઘેલો બનેલો શેવક ઉઠયો જાગી. માજી૦
ક્લેશ વીશેષ હું તો કરતો કુકર્મી આજ મટયો છું અભાગી.
શેવક તારણ દુઃખ નિવારણ મુકિત લેઉં મન માગી માજી૦
માજી અંબા મહેર કરોજી, સેવકો રહ્યા પાય લાગી. માજી૦

સ્તુતિ. ૩૨

(રાગ-થયા છોરે પતી.)

થયો છોરે મમ સફળ જન્મ તમ દરશનથી આજે;

જગત જનુની માજી અમારાં જગત વીશે પ્રખ્યાત;
માજી તમ શેવક તન મન ધન અરપે થઈ સજી, થયો૦
દયા દ્રષ્ટીથી તમેજ માજી સેવકને થાઓ સ્હાય,
દુઃખ કાપો સુખ આપો સેવક થાપો જપીએ જાપો;
માજી મહેર કરીને સહુ સેવકનાં કષ્ટ હરો આજે. થયો૦
રંગેચંગે સહુ જન સંગે, ચાલો માજીના દેરાર,
માતુ મારી સુખકારી દુઃખહારી જાઉં વારી;
હવે માતુ મહેર કરીને કરો સફળ દીન આજે. થયો૦

અંબેની ગરબી. ૩૩

(રાગ–વીરા વેશ્યાના ચારી.)

માતા અરજી અમારી, દીલમાં ધારી સેવકને સંભાળ,
અમે આવ્યા આવારી, શરણે તમારી, દુઃખને ટાળી, સેવકને સંભાળ;
વાઘની વાડની સંકટ સર્વે સેવકનાં કર દુર.
મીત્રમંડળ મનોરંજન આપને ચાહે છે ઉર;
કરો વાર અમારી, પુત્ર ધારી, દુઃખ નિવારી. સેવક૦
આ સૃષ્ટીમાં સ્હાય તમારી દયા લાવો દિલ માંય;
આપને પાસે સહુ જન આવે, સેવકને થાઓ સ્હાયરે.
ચાલો [illegible]ડી સારી, સુખકારી, દુઃખ નીવારી; સેવકને સંભાળ.
આસો [illegible] સૈ ભકતો મળીને, ગુણ તમારા ગાય;
માજી [illegible] સેવક આજે પ્રેમે લાગે પાયરે, જઈએ તમ-
પર [illegible] [illegible] વધારી, દુઃખ નીવારી; સેવકને સંભાળ.

અમે સર્વે મળીને માગીયે એટલું, સ્હાય થાઓ મંમાય;
દુઃખ હરીને સુખ કરો માતુ, સેવકને આઓ સ્હાયરે.
આગ્યા પારે તમારી, ઉરમાં ધારી, દુઃખ નીવારી; સેવકને
સંભાળ. માજી અરજી૦

સ્તુતિ અંબાજીની. ૩૪

(રાગ—ભેખ ઉતારો રાજા ભરથરી.)

સેવારે કરૂં છું પુરા પ્રેમથી, પ્રસન્ન થાઓ મંમાયજી;
પુત્ર ગણો માજી તમ તણો, સર્વે કાર્ય સિધાયજી.
અરજી સુણોને અંબા માતજી.

માફ કરો અમ ગુના સહુ, પુજું પ્રેમે હું પાયજી;
વખત આવો છે આ અટપટો, શરણાગતને મા સ્હાયજી. અ૦
માજી સેવક છું હું તાહરો, શેવા બજાવે દાસજી;
મહેર કરો મુજ રંકપર, કરજો પાપનો નાસજી. અરજી૦
આગ્ના આપો મુજ માતજી, ધરવા આપનો જાપજી;
શોક ટાળીને સુખ આપજો, ટળે ત્રીવીધીના તાપજી. અ૦
હાજર હજુર ઉભો રહ્યો, તારો અંબે આ દાસજી;
બેઉ કરજોડીને વીનવું, ગાયેં હરીલાલજી. અરજી૦

બહુચરની ગરબી. ૩૫

જેણેરેં બહુચરમાત તમને વિસાર્યાં, તમને વિસાર્યા તે નર
ભવોભવ હાર્યા.

પ્રલ્હાદની બુદ્ધી બગડી, અવર વાણી ભાંખી:
રાજ તેનું લઇ લઇને, દુઃખ દીધું નાખી. જેણુરે૦
વિમલે વીસારી જરી ના સુખ લીધાં, રાજપાટ લઈને
દુઃખ નાખી દીધાં. જેણુરે૦
દાસ હરીલાલ ભજન કરે છે, ભજ્યાથી ચોરાશી ફેરા ટળેછે.
જેણુરે૦

સ્તુતિ. ૩૬

અંબે કોની સગાઇ સાચી ગણીયે,
માતપીતારે કહે મારોરે તન, રળી રળીને ઘરમાં લાવે ધન. અં૦
ભાઈ કહે મારૂં અંગ જમાણું, કામ કરે મુજથી બમણું. અંબે૦
બેની કહે ભાઇ પોતાનો હશી હશી કહે સાસરવાસો મને ગમતો. અંબે૦
સ્ત્રી કહે એ મારોરે ભરથાર, ખાવાપીવાને સુખ મારવા સાર. અં૦
સાચી ગણીએ સાચી ગણીએ, અંબે કોની સગાઇ. સાચી૦
કહે હરીલાલ માતાજીને ભજીએ, અંબે કોની સગાઈ. સાચી૦

બહુચરાજીનો થાળ.

જમો જમો હાંહાંરે જમો જમો માજી જુગદ્ધારીહો મારાં
બહુચરમા શુભકારી;
થાળ લાવ્યો તમારી પાસે, ઉમંગ આનંદે લાવ્યો તમ દાસે.
પુરો પુરો હાંહાંરે પુરો પુરો માજી તેની આશ કે મારાં
બહુચરમા શુભકારી. જમો જમો૦

ઘેબર ઘારી, બરફી છે માજી, સુતરફેણી શેવો છે તાજી;
થોડા થોડા હાંહાંરે થોડા થોડા મેવા છે માંહીરે. મારી૦ જમો૦
પેંડા પતાસાં શક્કરપારા, મેવા લાવશી ઘેબર સારાં;
સારાં સારાં. હાંહાંરે સારાં કાજુ મહીં મેવારે. મારી૦ જમો૦
દુધપાક પુરી શીખંડ કીધો, હેત ધરીને પીરસી દીધો;
થોડી થોડી હાંહાંરે થોડી થોડી બાસુદી માંહીરે. મારી૦ જમો૦
ભજીયાંને ભાજી કીધી તાજી, જમતાં જોઈને થયો છું રાજી;
સાથે સાથે હાંહાંરે સાથે સાથે ટેટી તડબુચ હો દાડમ દ્રાક્ષ
થારોળી. જમો જમો૦
ગંગાજળની લાવ્યો મા ઝારી, હસ્ત પખાળ કરો માડી;
પાન પાનની બીડી કીધી હો મહીં લવીંગને સોપારી. જમો૦
દાસ હરીલાલની વારે ચઢો મા મણીલાલ ચમર ઢાળે;
મંગળ મંગળ દાડી પોકારે હો આ ભક્તોને લ્યો ઉગારી. જ૦

આરતી.

જય જય જગત જનેતા માતા આશાપુરવાળી મા.
આ ભક્તને આજે (૨) સ્હાય થઓ માજી,
જયો મા જુગ્ત અંબે.
ભક્ત સરવે આવી ગુણ તારા ગાતા મા.
સંકટ સર્વે કાપી (૨) કરો સુખ શાતા. જયો જયો૦
કાને કુંડલ બીરાજતાં મા નાકે છે વાળી, મા૦
આશાપુરને મારી (૨) ઉભાં ખડક આલી. જયો જયો૦

બ્રહ્મા વિષ્ણુ માહેશ્વર મા ગુણ તારા ગાતા, મા૦
અખંડ બ્રહ્માંડ ઉપાડયા (૨) તમ તારૂણી માત. જયો૦
નવે ખંડે નામ તુજ બહુચર બલધારી, મા૦
આરાસુર અંબાય, પાવાંગઢ માહાકાળી. જયો જયો૦
રૂડો ચાચર ચોક માનો ત્યાં શોભા ભારી, મા૦
બટુક ભેરવ સોઇએ (૨) નારસંગ બલીહારી. જયો૦
પ્રેમથી આવી પુજું માની શોભાનો નહીં પાર, મા૦
કલ્લાં કાંબી શોભે (૨) ઝાંઝરનો ઝમકાર. જયો જયો૦
બાંહે બાજુબંધ બેરખા ... એકાવન હાર, મા૦
દેવી દીનદયાળી (૨) શંખલપુર સરદાર. જયો જયો૦
રશીક ભકત મળીને ગુણ તારા ગાતા, મા૦
ભકતી સરવે તારી આપો સુખશાતા. જયો જયો૦
આરતી લખી જે પ્રારે જે કોઈ ગાશે, મા૦
ગાય શીવાનંદ સ્વામી સુખસંપત થાશે. જયો જયો૦

માધુપુરાનું વરણન.

ધન ધન માધુપરા ગામ, મહિ અંબાજીનું ધામ,
કરજો સૌ ભકતનાં શુભ કામ. ધન૦
માધુપરામાં આપ બીરાજ્યાં, કીધાં સૌનાં કામ. ધન૦
દર રવીવારે સૌ ભકત મળીને ગુણ તમારા ગાય,
મા જી તેમની કરજો સાય. ધન૦
નવરાત્રી હુવન થાય, ત્યાં નરનારી જાય;
બ્રાહ્મણ સંઘળા વેદ ભણે, માનુની મંગળ ગાય. ધન૦

બાળપણમાં બળ બતાવી હાથે ઝાલી તરવાર;
અસુર સઘળા સંહારી કીધો જય જયકાર. ધન૦
કહે હરીલાલ બેઉ કરજોડી, માજી તમને લાગું પાય;
માય શીખે ને સાંભળે, મા સૌની કરજો સાય. ધન૦

અંબાજીનું પ્રભાતીયું.

જાગોને અલબેલી અંબા, દેવી ડુંગરવાળીરે;
આરાસુરમાં અંબા બિરાજે, પાવાગઢ મા કાળીરે;
દક્ષીણમાં તુળજા દેવી, ચુંવાળ બહુચર બાળીરે. જા૦
ભંડાસુરને હાથે મારી, માયે ત્રીશુળ તરવારીરે;
પ્રભાતે ઉઠી સમરણ કરીએ, લાગું તમને પાયરે. જા૦
વિઘન સર્વે દુર કરીને, કરજો અમારી સાયરે;
વિમળશાની સાય કીધી, ગાયો ચરાવવા માટેરે. જા૦
મધ્ય દરીએ નાવજ તાર્યાં, હાથમાં ત્રીસુળ ઝાલીરે;
કહે હરીલાલ બેઉ કરજોડી, ચિંતા અમારી ટાળોરે;
વિઘ્ન સરવે દુર કરીને, સુખ સંપત આપોરે. જા૦

સમાપ્ત.



જાહેર ખબર.

સર્વે સદ્ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે કે, આ ચોપડી માધુપુરામાં અંબાજીનું દેવળ સમરાવવાને માટે રચવામાં આવી છે, અને તેની સઘળી ઉપજ ફક્ત તેજ કામમાં વાપરવાની છે. માટે સર્વે જનોને વિનંતી કરવામાં આવે છે કે આપ સૌ કોઈ તે ચોપડીની એક નકલ ખરીદવા તસ્દી લેશોજી.

અને આ ચોપડીમાં ભુલચુકની અમો માફી માગીએ છીએ. એજ અરજ.

મળવાનું ઠેકાણું—

લી૦ સેવક

ત્રવાડી હરીલાલ ગણુંપતરામ.

ઠે૦ કાળુપુર મંગળ પારેખના ખાંચામાં

ગોવિંદ કાશીરામની પોળ—અમદાવાદ.